35

ગ્રામ/ નગર પંચાયતોમાં વર્ગ:૪ ની જગા ભરવા બાબત...

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:નપમ/૧૦૯૦/૧૮૦૨/ક,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૩૦/૯/૧૯૯૧.

**પ રિ પ ત્ર :-**

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તા:૧૮/૫/૧૯૮૫ ના જાહેરનામા ક્રમાંક:કેપી/૨૦/નપમ/૧૦૮૪/૧૬૯૩(૮)/ક.૧, અન્વયે ગ્રામ અને નગર પંચાયતો હેઠળની વર્ગ:૪ ની જગાઓ જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના કાર્યક્ષેત્ર હેઠળ મૂકવામાં આવેલ છે. આ જગાઓ જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના કાર્યક્ષેત્રમાંથી રદ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે ગ્રામ અને નગર પંચાયતોમાં વર્ગ:૪ની જગાઓ(જે નિયમ મુજબ મંજુર થયેલ હોવી જોઈએ) જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના કાર્યક્ષેત્રમાંથી રદ કરવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. અને તે મુજબ ૧૯૬૪ના ગુજરાત જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ(ના કાર્યો) બાબતના નિયમોમાં સુધારો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે પરંતુ નિયમોમાં સુધારા કરવામાં કેટલોક સમય જવા સંભવ છે. દરમ્યાનમાં ગ્રામ અને નગર પંચાયતો હેઠળની વર્ગ:૪ ની જગાની પરની નિમણુંકો ભરતી નીચેની શરતોને આધીન રહીને કરવાની રહેશે.

(૧) આવી જગાઓ માટે ઓછામાં ઓછા ત્રણ સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપવાની રહેશે તેમજ જાહેરાતની એક નકલ પંચાયત કચેરીના નોટીસ બોર્ડ પર મુકવાની રહેશે.

(૨) ઉપરાંત સંબંધિત જિલ્લા રોજગાર કચેરીમાંથી પણ નામ મંગાવવાના રહેશે

(૩) ઉપર (૧) અને (૨) અન્વયે મળેલ અરજીઓ તથા નામોમાંથી પસંદગી કરવા માટે પંચાયતના બે સભ્યોની એક સમિતિ રચવાની રહેશે અને તેમાં ગ્રામ પંચાયતના કિસ્સામાં તાલુકા વિકાસ અધિકારી( અથવા તેમના પ્રતિનિધિ) તથા નગર પંચાયતના કિસ્સામાં જીલ્લા વિકાસ અધિકારીશ્રી (અથવા તેમના પ્રતિનિધિ) ને ત્રીજા સભ્ય તરીકે રાખવાના રહેશે. આ સમિતિ ઉમેદવારોની લેખિત પરીક્ષા અથવા મૌખિક ઈન્ટરવ્યુ લઈ આખરી પસંદગી યાદી તૈયાર કરશે અને તે યાદીમાંથી અગ્રતાક્રમ પ્રમાણે નિમણુંક

આપવાની રહેશે.

૩.. ઉપરની સુચનાંઓનું દરેક ગામ તથા નગર પંચાયત તરફથી ચુસ્તપણે પાલન કરવામાં આવે અને ઉપરની પધ્ધતિ સિવાય અન્ય કોઈ રીતે ભરતી કરવામાં ન આવે તે જોવાની જવાબદારી સંબંધિત તાલુકા વિકાસ અધિકારી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો રહેશે.

૪.. સરકારશ્રીના ઉપરોકત નિર્ણયથી રાજ્યની સર્વે ગ્રામ/ નગર પંચાયતો -ને વાકેફ કરવા જીલ્લા વિકાસ અધિકારીશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીને અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રમણ આર્ય
ઉપસચિવ,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,
વિકાસ કમિશ્નરશ્રી
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી
સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી
વિભાગની ખ,છ, અને ડ શાખાઓ
સિલેકટ ફાઈલ.